

Title-Code:-GUJGUJ18109

(સોશ્યલ મિડીયા)

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 29,(SURAT), DATE-07/01/2026, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૨૯, (સુરત), તા.૦૭/૦૧/૨૦૨૬ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.




2 શ્રી મોતા કેળવણી મંડળ સંચાલિત ઇંગ્લીશ મીડીયમ સ્કુલ મા વાર્ષિક એન્યુઅલ ફંક્શન ની ભવ્ય ઉજવણી

3 સુરતથી પાટીદાર સગીરાને ભગાડી જનાર બે સંતાનનો પિતા ઝડપાયો

4 દક્ષિણ ગુજરાતમાં ઠંડી ઘટી, રાત્રીનું તાપમાન વધશે:એન્ટિ સાઈક્લોનિક સર્ક્યુલેશનથી પવનની દિશા બદલાઈ



## અમદાવાદમાં સોલા ખાતે હરિપ્રબોધમ્ પ્રાર્થના મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ યોજાયો

### શાસ્ત્રોક્ત વિધિ સાથે પ. પૂ. પ્રબોધસ્વામીજીના વરદ્ હસ્તે ભવ્ય આયોજન




















**અમદાવાદ-** ત્રીજી જાન્યુઆરીના રોજ આત્મીય વિદ્યાધામ બાકરોલના પ્રગટ ગુરુહરિ પ.પૂ. પ્રબોધસ્વામીજીના સાંનિધ્યમાં અને તેઓના વરદ્ હસ્તે અમદાવાદમાં નવનિર્મિત હરિપ્રબોધમ્ પ્રાર્થના મંદિર - સોલાનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ યોજાયો હતો.


અનાદી મૂળ અક્ષર મૂર્તિ શ્રી ગુણાતીતાનંદસ્વામીજીના દીક્ષા દિન એટલે પોષી પૂનમના શુભ દિને ભગવાન સ્વામિનારાયણ, ગુણાતીતાનંદ સ્વામી અને ગુરુ પરંપરાની મૂર્તિપ્રતિષ્ઠા વિધિ કરવામાં આવી હતી.

આ પ્રસંગે હરિપ્રબોધમ્ પરિવારના સંતો તથા સાધ્વી બહેનો તથા વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા, અમદાવાદ શહેર ભાજપના પ્રમુખ પ્રેરકભાઈ શાહ, બાળ સંરક્ષણ આયોગ - ગુજરાતના ચેર પર્સન ધર્મિષ્ઠાબેન ગજ્જર, ભાજપ અગ્રણી દુષ્યંતભાઈ પંડ્યા, યુવા ભાજપના પૂર્વ પ્રમુખ ડો. ઋત્વિજભાઈ પટેલ, સ્ટે. કમિટીના ચેરમેન દેવાંગભાઈ દાણી, AMC ના ગૌરાંગભાઈ પ્રજાપતિ, વોટર અને ડ્રેનેજ વિભાગના દિલીપભાઈ બગાડિયા, ગોતા વોર્ડ - ભાજપના પ્રમુખ ભાર્ગવભાઈ પંડ્યા, દિલીપભાઈ પટેલ, રજનીભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

તેઓની સાથે પ્રદેશ ભાજપ અગ્રણી ધવલભાઈ દવે, શહેર યુવા મોરચા ભાજપના મંત્રી મયુરભાઈ પટેલ, સિધ્ધાર્થભાઈ, રવિ કન્સ્ટ્રક્શન ના જગદીશભાઈ ગજ્જર, બળવંતભાઈ ગજ્જર, બેકેન્સી ના બિનલભાઈ પટેલ, મારુતિ ટેક્લેબ ના મિતુલભાઈ માકડિયા, રાજશ્રી ગ્રુપના બકુલભાઈ શાહ, કેવલભાઈ શાહ, GTPL ના કોર્પોરેટ ટેકનિકલ હેડ રાજેશભાઈ કમ્બોજ, ઝેલાસવેબના વિશાલભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

હરિપ્રબોધમ્ પરિવાર સાથે આત્મીયતાથી જોડાયેલ ડોક્ટર વૃંદમાં અપોલો હોસ્પિટલના ડો. અશોકભાઈ મહેતા, ધ્રુવભાઈ મહેતા, રેડસ્કેવર ના ડો. તપનભાઈ પટેલ, ગ્લોબલ હોસ્પિટલના, ડો. બ્રિજેશભાઈ પટેલ, બરોડા હાર્ટ હોસ્પિટલના ડો. નિલયભાઈ બ્રહ્મચારી, આઈસમેકના રાજેન્દ્રભાઈ પટેલ, અક્ષયભાઈ પટેલ, નારાયણ હૃદયાલય ના હેમંતભાઈ ભટ્ટનાગર, અલાયામ ના ડો. તુષારભાઈ પટેલ, ડો. દીપેનભાઈ પટેલ, ડો. કૃપાબેન અરીવાલા, બાવીશી ફર્ટિલિટીના ડો. હિમાંશુ બાવીશી, જીવરાજ મહેતા બ્લડ બેંકના રોનકભાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પૂ. ગુરુપ્રસાદસ્વામીએ દાસત્વ તરફની યાત્રા મંદિર થકી કેવી રીતે કરી શકાય તેની વાત કરી પ્રાર્થના કરી હતી. ગુરુહરિ પ્રબોધસ્વામીજી એ મંદિરની અનિવાર્યતા અને ગુરુહરિ હરિપ્રસાદસ્વામીજી ના યુગકાર્યનું દર્શન કરાવ્યું હતું.

આ પ્રસંગે હરિપ્રબોધમ્ પરિવારના સંતો, સાધ્વી બહેનો, સાધકો તથા ભક્તો અને



આમંત્રિત મહેમાનો સહિત લગભગ ૧૮૦૦ જેટલા ભક્તોએ દર્શન, સભા તથા મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## મકરસંક્રાંતિને લઈ સુરત જિલ્લામાં કડક પ્રતિબંધો અંગે જાહેરનામું

બારડોલી- આગામી મકરસંક્રાંતિ (ઉત્તરાયણ) તહેવાર દરમિયાન જાહેર સલામતી અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર સુરત જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વિજય રબારીએ જાહેરનામું બહાર પાડી સુરત ગ્રામ્ય વિસ્તારમાં અનેક મહત્વપૂર્ણ પ્રતિબંધો ફરમાવ્યા છે.

જાહેરનામા અનુસાર કોઈ પણ વ્યક્તિ દ્વારા જાનનું જોખમ થાય તે રીતે જાહેર માર્ગો, રસ્તા, ફૂટપાથ તેમજ જોખમી ધાબાઓ પર પતંગ ઉડાડવા પર પ્રતિબંધ છે.

પતંગ ચગાવવા વપરાતી નાયલોન, સેન્થેટિક મટીરિયલ, સેન્થેટિક પદાર્થથી કોટેડ કે નોન-બાયોડિગ્રેડેબલ ચાઈનીઝ દોરી મેળવવા, સંગ્રહ, વેચાણ કે ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. ચાઈનીઝ માંઝા, પ્લાસ્ટિક દોરી, ગ્લાસ કોટેડ નાયલોન થ્રેડ તેમજ ચાઈનીઝ સ્કાય લેન્ટર્નની ઓનલાઇન વેચાણ, આયાત, સંગ્રહ અને ઉપયોગ પર મનાઈ છે.

જાહેરનામા મુજબ સવારના ૬થી ૮ વાગ્યા દરમિયાન પતંગ ઉડાડવા, રેલવે ટ્રેક નજીક કે



ઉપરથી પતંગ ઉડાડવા પર પ્રતિબંધ મુકાયો છે. લોકોમાં ત્રાસ થાય તે રીતે ભારે અવાજમાં લાઉડસ્પીકર વગાડવા તથા લોકોની લાગણી દુભાય તેવા ઉશ્કેરણીજનક લખાણવાળા પતંગ ઉડાડવા પર પણ રોક લગાવવામાં આવી છે.જાહેરનામું ૧૬ જાન્યુઆરી ૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

સહેલાઈથી તૂટી શકે એવા માંજા પર પ્રતિબંધ લાગુ નહી જાહેરનામામાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે પરંપરાગત રીતે બનાવાતા, સંપૂર્ણપણે બાયો-ડિગ્રેડેબલ અને સહેલાઈથી તૂટી શકે એવા કોટનના માંજા પર પ્રતિબંધ લાગુ નહીં પડે.

જેમાં ચોખાનો લોટ, મેંદો, છોડ આધારિત કુદરતી ગુંદર વડે બનાવેલ કોટિંગ હશે. આવા માંજામાં કાચનો પાવડર કોટિંગ સામગ્રીના ૧૦%થી વધુ ન હોવો જોઈએ અને કોટન માંજાના કુલ વજનના ૦.૫%થી વધુ ન હોય તેવો હોવો જરૂરી છે.

**ચાઈનીઝ દોરી મેળવવા, સંગ્રહ, વેચાણ કે ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. ચાઈનીઝ માંઝા, પ્લાસ્ટિક દોરી, ગ્લાસ કોટેડ નાયલોન થ્રેડ તેમજ ચાઈનીઝ સ્કાય લેન્ટર્નની ઓનલાઇન વેચાણ, આયાત, સંગ્રહ અને ઉપયોગ પર મનાઈ છે.**

## શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર બોટાદધામ ખાતે યોજાશે ઘર સભા



**ગઢડા -** ગઢડા શ્રી ગોપીનાથજી મહારાજના તાબાનું અને શ્રી સરધારધામ સંચાલિત શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર બોટાદધામ આયોજીત ૨૦૯૬ થી ૨૧૦૧ મી ઘરસભા ૭ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ રાત્રે ૯:૦૦ કલાકે વક્તા : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી બિરાજી રસપાન કરાવશે તો તો સૌ હરિભક્તો એ લાભ લેવા હાર્દિક આમંત્રણ છે નિમંત્રક : સાધુ શ્રીરંગદાસજી (મહંતશ્રી) તથા સાધુ ગુણસાગરદાસજી (કોઠારી), સ્થળ : શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર, નાગલપર દરવાજા બોટાદ. -અહેવાલ કનુભાઈ ખાચર







ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# શ્રી મોતા કેળવણી મંડળ સંચાલિત ઇંગ્લીશ મીડીયમ સ્કુલ મા વાર્ષિક એન્યુઅલ ફંકશન ની ભવ્ય ઉજવણી


















ત્વિષા કિલ્લોલકુમાર વ્યાસ ( m.p.a.in performing art's ભરતનાટ્યમમાં એમ.એ. અલંકાર) ને

## રાજય કક્ષા અને પ્રદેશકક્ષા તેમજ જિલ્લાકક્ષા સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે સેવા આપવાનો ગૌરવ




ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર તેમજ વિવિધ જિલ્લા યુવા કાર્યાલયોના સંયુક્ત ઉપક્રમે આયોજિત પ્રતિષ્ઠિત સ્પર્ધાઓમાં સુશ્રી ત્વિષા કિલ્લોલકુમાર વ્યાસને નિર્ણાયક તરીકે સેવા આપવાનો ગૌરવપૂર્ણ અવસર પ્રાપ્ત થયો. તેઓએ- ૧) રાજયકક્ષા કલા મહાકુંભ-ભરતનાટ્યમ, ૨) દક્ષિણ ગુજરાત પ્રદેશ કક્ષા યુવા ઉત્સવ-ભરતનાટ્યમ, ૩) દક્ષિણ ગુજરાત પ્રદેશ કક્ષા કલા મહાકુંભ-વાયોલિન, ૪) જિલ્લાકક્ષા યુવા ઉત્સવ - લોકનૃત્ય, તેમજ ૫) જિલ્લાકક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા-લોકનૃત્ય

જેવાં મહત્ત્વના કાર્યક્રમોમાં નિર્ણાયક તરીકે પોતાની જવાબદારી સફળતાપૂર્વક નિભાવી. આ તમામ સ્પર્ધાઓમાં ભાગ લેનાર કલાકારોની રજૂઆતને નિષ્પક્ષતા, કલાત્મક સમજ, તકનીકી કુશળતા, શિસ્ત અને અભિવ્યક્તિના આધારે મૂલ્યાંકન કરવું એ તેમની મુખ્ય જવાબદારી રહી. દરેક કલાકારની મહેનત અને પ્રતિભાને યોગ્ય ન્યાય આપવો એ જ તેમના નિર્ણાયક તરીકેના કાર્યનું મૂળ સિદ્ધાંત રહ્યું. આ વિશ્વાસ અને જવાબદારી બદલ તેમણે તમામ આયોજકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે તેમજ ભાગ લેનાર તમામ કલાકારોને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી છે. નિષ્પક્ષ ન્યાય અને કલાની સાચી કદર સાથે જજ તરીકે ફરજ બજાવવી એ તેમની કલાપ્રતિની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

## માંગરોળ વકીલ મંડળના પ્રમુખ સહિત તમામ હોદ્દેદારોની બિનહરીફ વરણી:વર્ષ ૨૦૨૬ માટે સર્વાનુમતે પસંદગી, અમિત પી. શાહ પ્રમુખ બન્યા



બારડોલી- માંગરોળ તાલુકા વકીલ મંડળના વર્ષ ૨૦૨૬ માટેના પ્રમુખ સહિત તમામ હોદ્દેદારોની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવી છે. આ વરણીમાં અમિત પી. શાહને પ્રમુખ પદે ચૂંટવામાં આવ્યા છે. મંડળના હોદ્દાઓ માટેની ચૂંટણી પ્રક્રિયા શરૂ થઈ હતી, પરંતુ વકીલ મંડળના તમામ સભ્યોએ સર્વાનુમતે બિનહરીફ વરણી થાય તે અંગે સહમતિ દર્શાવી હતી. ચર્ચાના અંતે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, અમિત પી. શાહ અગાઉ પણ પ્રમુખ પદે સેવા આપી ચૂક્યા છે. નવા હોદ્દેદારોમાં ઉપપ્રમુખ પદે વૈશાલીબેન મૈસૂરિયા, સેક્રેટરી પદે અભિષેક આર્ટિસ્ટ, જોઈન્ટ સેક્રેટરી તરીકે અશરફ ચૌહાણ અને ખજાનચી પદે જાગૃતિબેન ગોહિલની વરણી કરવામાં આવી

## મહુવા તાલુકામાં કિસાન સૂર્યોદય યોજના પૂર્ણ:૩૪ ગામમાં દિવસ દરમિયાન ખેતીવાડી વીજ પુરવઠો શરૂ



બારડોલી- સુરત જિલ્લાના મહુવા તાલુકામાં રાજય સરકારની મહત્વપૂર્ણ કિસાન સૂર્યોદય યોજનાનો વ્યાપ પૂર્ણ થયો છે. તાલુકાના બાકી રહેલા ગામોમાં હવે દિવસ દરમિયાન ખેતીવાડી વીજ પુરવઠો વિધિવત રીતે શરૂ કરવામાં આવ્યો છે. આ યોજનાથી ૩૪ ગામના ૩૫૦૦થી વધુ ખેડૂતોને સીધો લાભ મળશે. અગાઉ, મહુવા તાલુકામાં આવેલા ૬૬ KV બામણિયા અને ૬૬ KV ભીમપોર સબસ્ટેશનમાંથી નીકળતા ખેતીવાડી ફીડરોમાં બે શિફ્ટ મુજબ વીજ પુરવઠો અપાતો હતો. જેટકો દ્વારા લાઈનના મજબૂતીકરણ માટે આશરે ૨૫ લાખના ખર્ચે જરૂરી કામગીરી પૂર્ણ કરાઈ હતી. ત્યાર બાદ, મહુવા વિધાનસભાના ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાના હસ્તે કુલ ૧૧ AG (ખેતીવાડી) ફીડરોને દિવસ દરમિયાન વીજ પુરવઠા માટે કાર્યરત કરવામાં આવ્યા. ૬૬ KV બામણિયા સબસ્ટેશનમાંથી કુલ ૭ AG ફીડરો, જેમાં ઝેરવાવરા, કાંકરીયા, ભગવાનપુરા, કઢૈયા, બારતાડ, પુના અને નેવાણિયાનો સમાવેશ થાય છે, તે કાર્યરત થયા છે.


## ડભારી બીચ પર મરીન ટાસ્ક ફોર્સનું સઘન પેટ્રોલિંગ:હજીરા ડીઝલ ચોરી નેટવર્ક બાદ સુરક્ષા અભિયાન હાથ ધરાયું



ઓલપાડ-હજીરા મરીન ટાસ્ક ફોર્સ દ્વારા ઓલપાડ તાલુકાના ડભારી બીચ અને કાંઠાના ગામોમાં સઘન કોસ્ટલ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ અચાનક કાર્યવાહીથી દરિયાઈ માર્ગે ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. આ પેટ્રોલિંગ હજીરાના દરિયા કિનારે ડીઝલ ચોરીનું મોટું નેટવર્ક પકડાયા બાદ કરવામાં આવ્યું છે. મરીન ટાસ્ક ફોર્સની ટીમ દ્વારા શંકાસ્પદ ગતિવિધિવાળા ઈસમો, મોટા વાહનો, બોટ અને અવાવરું જગ્યાઓ પર કડક ચેકિંગ કરાયું હતું.

હજીરા ઉપરાંત ઓલપાડના ડભારી બીચ સહિતના કાંઠાના ગામોમાં પણ દરિયાઈ માર્ગે ગુનાહિત પ્રવૃત્તિઓ થતી હોવાનું સામે આવ્યું છે. અગાઉ ઓલપાડના દરિયા કિનારેથી દારૂના જથ્થા સાથે મોટી બોટ પકડાઈ હતી, જે કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી સુરત જિલ્લામાં વિદેશી દારૂની હેરાફેરી દર્શાવે છે. સોમવારે હાથ ધરાયેલા આ ફૂટ પેટ્રોલિંગ અને ચેકિંગ દરમિયાન દરિયાઈ માર્ગે દારૂની હેરાફેરી અને અન્ય ગુનાહિત પ્રવૃત્તિઓ કરતા તત્વોમાં ભયનો માહોલ સર્જાયો હતો. આ સુરક્ષા અભિયાન ATS અને કોસ્ટલ સિક્યુરિટીના ADGP અમિતકુમાર વિશ્વકર્મા અને IG પી. એલ. માલના માર્ગદર્શન હેઠળ ચલાવવામાં આવ્યું હતું. હજીરા મરીન ટાસ્ક ફોર્સના SP એસ.જે. પરમારના જણાવ્યા અનુસાર, દરિયા કિનારા પર આતંકી પ્રવૃત્તિઓને રોકવા અને કોસ્ટલ સુરક્ષાને મજબૂત કરવા માટે ઓલપાડના દરિયા કિનારાના ગામોમાં આ ખાસ ડ્રાઈવ રાખવામાં આવી હતી. દરિયાઈ માર્ગે થતી શંકાસ્પદ પ્રવૃત્તિઓને ડામી દેવા માટે આ કામગીરી એક મહત્વનું પગલું છે.

## સોનાજળ માવલી પૂજા:સામાજિક એકતાનું જીવંત પ્રતીક



વ્યારા- ડોલવણના ચુનાવાડી ગામે આવેલ રહણિયા ડુંગર પર બિરાજમાન સોનાજળ માવલી આદિવાસી સમાજની અતિ પવિત્ર અને આસ્થા ભરેલી દેવી તરીકે માનવામાં આવે છે.

દર વર્ષે યોજાતી માવલી પૂજા માત્ર ધાર્મિક વિધિ નહીં પરંતુ પરંપરા, સંસ્કૃતિ અને સમાજિક એકતાનું મજબૂત પ્રતિક બની રહે છે. પૂજા પ્રસંગે આસપાસના અનેક ગામોના લોકો એકત્ર થાય છે, જેના કારણે ભાઈચારો અને એકતા વધુ મજબૂત બને છે. સ્થાનિક માન્યતાઓ મુજબ સોનાજળ માવલી માનવજાતની રક્ષક છે. દેવી સુખ-શાંતિ, સમૃદ્ધિ અને કલ્યાણ આપનારી શક્તિ તરીકે પૂજાય છે. માવલી પૂજા કરવાથી રોગ-વિકાર, કુદરતી આફતો અને દુર્ભાગ્ય દૂર થાય છે તેવી ગાઢ માન્યતા છે.

ખાસ કરીને ખેતી, યોગ્ય વરસાદ અને પરિવારની સુખાકારી માટે આ પૂજાનું વિશેષ મહત્વ છે. પૂજા સામાન્ય રીતે સમૂહમાં કરવામાં આવે છે. પરંપરાગત રીતે નાળિયેર, લીમડો અથવા પાન, ફૂલો, ધૂપ-દીવો અને નૈવેદ્ય અર્પણ કરવામાં આવે છે.

વડીલો તેમજ ભગત દ્વારા વિધિ-વિધાન કરવામાં આવે છે. પૂજાના અંતે પ્રસાદ વિતરણ થાય છે અને સમગ્ર સમાજ સાથે જમણવાર યોજાય છે, જે સમાજિક સહભાગિતાનું ઉત્તમ ઉદાહરણ છે. આ પવિત્ર પ્રસંગ યુવા પેઢીને પોતાની સાંસ્કૃતિક ધરોહર સાથે જોડવાનો મહત્વપૂર્ણ અવસર પૂરું પાડે છે. રહણિયા ડુંગર અને સોનાજળ માવલી ચુનાવાડી ગામની ઓળખ અને ગૌરવ તરીકે આજે પણ આદિવાસી સમાજની આસ્થાનું કેન્દ્ર બન્યા છે.

**સ્થાનિક માન્યતાઓ મુજબ સોનાજળ માવલી માનવજાતની રક્ષક છે. દેવી સુખ-શાંતિ, સમૃદ્ધિ અને કલ્યાણ આપનારી શક્તિ તરીકે પૂજાય છે.**

# ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

## આદિવાસી ધર્માંતરણ વિરુદ્ધ દેવ બિરસા સેનાની રેલી:સુરતના માંડવીમાં આદિવાસી સમાજ રસ્તા પર ઉતર્યો, ચર્ચના બાંધકામ અને ફંડિંગ, સરકારી કર્મીઓની ભૂમિકાની તપાસની માગ




બારડોલી- સુરત જિલ્લાના માંડવી તાલુકામાં આદિવાસીઓના કથિત ધર્માંતરણના મુદ્દે આદિવાસી સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ પ્રવૃત્તિઓના વિરોધમાં દેવ બિરસા સેના દ્વારા એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીના અંતે પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી ધર્માંતરણના નેટવર્કની ઊંડી તપાસ કરવાની માંગ કરવામાં આવી હતી.

આવેદનપત્રમાં રજૂઆત કરવામાં આવી હતી કે આદિવાસી વિસ્તારોમાં આદિવાસીઓની જમીન પર ચર્ચોની સંખ્યામાં અચાનક વધારો થયો છે. આ બાંધકામો માટે આવતું નાણું (ફંડ) ક્યાંથી આવે છે અને કઈ સંસ્થાઓ આમાં સામેલ છે, તેની કડક તપાસ થવી જોઈએ. આ ઉપરાંત, સરકારી અને અર્ધ-સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા જે અધિકારીઓ કે કર્મચારીઓ આવી પ્રવૃત્તિઓમાં આર્થિક કે અન્ય રીતે સહકાર આપી રહ્યા છે, તેમની સામે પણ તપાસની માંગ ઉઠી છે.

નોધનીય છે કે, થોડા દિવસો પૂર્વે માંડવી તાલુકામાંથી જ એક ધર્માંતરણ રેકેટનો પર્દાફાશ થયો હતો. આ કેસમાં ૫ શખસની ધરપકડ કરવામાં આવી હતી, જેમાં ચોંકાવનારી બાબત એ હતી કે તેમાંથી ૪ આરોપીઓ વ્યવસાયે શિક્ષક હતા. હાલમાં આ તમામ આરોપીઓ જેલના સળિયા પાછળ છે. આ ઘટના બાદ આદિવાસી સંગઠનો વધુ આક્રમક બન્યા છે.

દેવ બિરસા સેનાના પ્રમુખ અરવિંદ વસાવાએ આ મુદ્દે આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, અંગ્રેજોના સમયથી આદિવાસીઓનું ધર્માંતરણ થઈ રહ્યું છે, પરંતુ આઝાદી બાદ પાદરીઓ વચ્ચે આદિવાસીઓને ધર્મ પરિવર્તન કરાવવાની જાણે હરીફાઈ લાગી છે.

## તંત્રી લેખ.......



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

### શું ભારત જોબ લેસ ગ્રોથ કરી રહ્યું છે ?

ટેક્નોલોજી નોકરી હડપ નથી કરતી, નવા જોબ નિર્માણ પણ કરે છે. નવી કાર્યકુશળતા વધારવાનો પ્રયાસ ન કરનાર જોબ માર્કેટમાંથી ફેંકાઈ જશે: નવી ટેક્નોલોજી સાથે અપગ્રેડ થવું અત્યંત જરૂરી

ટેક્નોલોજી બેરોજગારીનું કારણ બને છે તેવી માન્યતા સો ટકા સાચી નથી. ટેક્નોલોજી રોજગારીની નવી તક પણ ઊભી કરે છે. આજની તારીખે ઇન્ફોર્મેશન ટેક્નોલોજીના સેક્ટરમાં જોઈતા કાર્યકુશળ યુવાનો મળતા જ નથી. આઈ.ટી. સેક્ટરમાં મેનપાવરની સખત અછત વર્તાઈ રહી છે. તેથી જ યોગ્ય આવડત ધરાવતી વ્યક્તિને સારામાં સારા પગાર પણ મળી શકે છે, એમ ગુજરાત સરકાર સાથેના સહયોગમાં કામ કરતા ગુજરાત ઇલેક્ટ્રોનિક્સ એન્ડ સોફ્ટવેર ઇન્ડસ્ટ્રીઝ એસોસિયેશન-ગેસિયાના ચેરમેન તેજિન્દર ઓબેરોય કહે છે. નવી ટેક્નોલોજી સેંકડો નોકરીઓને ઓહિયા કરી જતાં હોવાના ભય વી રહ્યો છે. છતાંય અમારા ઇન્ફોર્મેશન ટેક્નોલોજીના સેક્ટરમાં માનવબળની અછત જ છે. આ સેક્ટરમાં સારી કુશળતા ધરાવનારાઓને મો માગ્યા પગાર પણ મળી શકે છે. અમને આજેય જોઈતી કુશળતાવાળા કર્મચારીઓ મળતા નથી.

જોકે આગામી દસેક વરસમાં અત્યારે જે જોબ ચાલુ છે તેમાંથી ૩૦ ટકા જોબ અર્થહીન બની જવાની સંભાવના છે. બીજા શબ્દોમાં કહીએ તો આ જોબ જોબ જ રહેશે નહિ. તેને સ્થાને કેટલી નવી જોબ ઓપોર્ચ્યુનિટી જનરેટ થશે તે અત્યારે પણ કહી શકાય તેમ નથી. અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશનના પૂર્વ પ્રમુખ યતીન્દ્ર શર્માએ કેટલાંક વર્ષોથી દેશમાં 'નોકરી રહિત આથક વિકાસ -જોબલેસ ગ્રોથ- થયો હોવાનું જણાવે છે. સામૂહિક બેરોજગારીની ખતરનાક અસરોથી બચાવવા યુવાનોના પુન:સ્કિલિંગ અને અપકિલિંગ માટે ઉદ્યોગ અને શિક્ષણ વિશ્વએ સાથે મળીને તાત્કાલિક પગલાં લેવાની જરૂર છે.

તેમાંથી બહાર આવવાનું સૂચન કરતાં જે.જી. યુનિવસટીના ડાયરેક્ટર જનરલ અચ્યુત દાણીએ કહ્યું હતું કે, યૂનની નોકરીઓ માટે પોસ્ટ ગ્રેજ્યુએટ્સ અરજી કરતાં હોવાના કિસ્સાઓ છાશવારે અખબારોમાં છપાતા જોવા મળે છે. કારણ કે આપણી શિક્ષણ વ્યવસ્થા જે તે ઉદ્યોગ માટે જરૂરી કાર્યકુશળતા સાથે યુવાનોને તૈયાર કરવામાં નિષ્ફળ ગઈ છે. આજે કાર્યકુશળ વ્યક્તિઓની ડિમાન્ડ ઘણી જ મોટી છે. પરંતુ તે કુશળતાવાળા માણસો મળતા જ નથી. તેથી પણ બેરોજગારી વધી છે. દેવ આઈ.ટી.ના પ્રમોટર વિશાલ વસુ કહે છે, પ્રોડક્શન કોસ્ટ નીચે લાવવા માટે અને વિશ્વ બજારમાં સ્પર્ધાત્મક બનવા માટે આધુનિક ટેક્નોલોજીનો સ્વીકાર કરવા સિવાય કોઈ જ વિકલ્પ નથી. તેમ કરવામાં આવશે તો જ મેક ઇન ઇન્ડિયાના પ્રધાનમંત્રીના સ્વપ્નને સાકાર કરી શકાશે. તેમ જ નિકાસના બજારમાં ભારતનો ડંકો વગાડી શકાશે. ઔદ્યોગિક ક્રાંતિના સમયથી એક ખોટી માન્યતા બંધાઈ ગઈ છે કે મશીનો માનવ શ્રમનું સ્થાન લે છે અને તેથી બેરોજગારી સર્જાય છે. તેનાથી વિપરીત, મશીનોને કારણે ઘણા ઉદ્યોગો શરૂ થયા અને વધુ રોજગારની તકો ઊભી થઈ છે. કોલેજના વિદ્યાર્થીઓ સહિત લાખો યુવાનો વિદેશી પ્રોજેક્ટ્સ અને કેપીઓ પર નોકરીઓ લઈ રહ્યા છે, જે અગાઉ ક્યારેય નહોતું.

શૈક્ષણિક ક્ષેત્રના નિષ્ણાતો અને ઉદ્યોગો સાથે મળીને કાર્યકુશળતા વધે તેવા અભ્યાસક્રમો તૈયાર કરશે તે દિવસ પછી બેરોજગારીની સમસ્યા હળવી થઈ શકે છે. અત્યારના સંજોગોમાં ટેકનિકલ નોલેજને અભાવે પેદા થતી બેરોજગારીને ઓછી કરવા માટે યુવાનો ટૂંકા ગાળામાં કૌશલ્ય પ્રાપ્ત કરી શકે તેવા આયોજન કરવા જરૂરી છે. અર્ન્સ્ટ એન્ડ યંગના વિવેક ઓગ્રા કહે છે,શૈક્ષણિક સંસ્થાઓએ મોટા પાયે નવા કૌશલ્ય અને પુન:સ્કિલિંગની તકો પૂરી પાડવા માટે ઉદ્યોગ સાથે મળીને કામ કરવું જોઈએ. દરેક યુવાને પોતાની જાતને નવા પ્રકારની નોકરીઓને અનુકૂળ કુશળતા મળે તે માટે આધુનિક માહોલમાં ઢાળવા માટે, કૌશલ્યોને બદલવા અને અપગ્રેડ કરવા માટે અનુકૂળ થવું જોઈએ.

તેથી જ નોકરી જવાના ભય વચ્ચે જીવવા કરતાં દરેક કર્મચારીએ કે પછી કામદારે તે જે કામ કરે છે તે કામના ક્ષેત્રમાં આવતા બદલાવને ધ્યાનમાં રાખીને તેની કાર્યકુશળતામાં વધારો કરવો જરૂરી છે.

## વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરાયું:પલસાણામાં ૬.૬૩ કરોડના ખર્ચે ૧૦ રોડના કામનું ખાતમુહૂર્ત



### તાલુકા પંચાયત પ્રમુખ યોગેશ પટેલ, સંગઠન પ્રમુખ કૃણાલ પટેલ સહિત વિવિધ ગામોના સરપંચો અને સ્થાનિક આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા

બારડોલી- પલસાણા તાલુકાના ત્રણ ગામોમાં માર્ગ અને મકાન વિભાગ (ગુજરાત સરકાર) દ્વારા મંજૂર કરાયેલા ૬૬૩ લાખના કુલ ૧૦ માર્ગ વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. પૂર્વ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય ઈશ્વર પરમારના હસ્તે તથા સુરત જિલ્લા પંચાયત પ્રમુખ ભાવિની પટેલની વિશેષ ઉપસ્થિતિમાં આ કામોનું ખાતમુહૂર્ત કરાયું હતું.

આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ યોગેશ પટેલ, સંગઠન પ્રમુખ કૃણાલ પટેલ સહિત વિવિધ ગામોના સરપંચો અને સ્થાનિક આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સોમવારે સવારે ૧૧ વાગ્યે એના, વિઝોળીયા, બારાસડી અને અન્ય વિસ્તારોમાં રોડના કામો માટે ખાતમુહૂર્ત વિધિ યોજાઈ હતી.

## સુરતથી પાટીદાર સગીરાને ભગાડી જનાર બે સંતાનનો પિતા ઝડપાયો

### ૩૮ દિવસથી સગીરાને પત્ની તરીકે રાખી ફરતો રહ્યો, ૫ જિલ્લાની ટીમ બનાવી બોટાદથી શોધી કાઢ્યો



સુરત- સુરતના સરથાણા વિસ્તારમાં રહેતી પાટીદાર સમાજની ૧૭ વર્ષીય સગીરાના અપહરણના મામલે આખરે ૩૮ દિવસ બાદ પોલીસને મોટી સફળતા મળી છે. પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચે સગીરાને ભગાડી જનાર ૨૬ વર્ષીય પરણિત અને ૨ સંતાનનો પિતા છે એવા યુવક અરવિંદ પંચાસરાની પોલીસે ધરપકડ કરી છે. આ કેસમાં પોલીસની કામગીરી સામે પાટીદાર સમાજમાં ભારે રોષ જોવા મળ્યો હતો, પરંતુ તપાસમાં વેગ આવતા અંતે આરોપી જેલના સળિયા પાછળ ધકેલાયો છે.

મૂળ અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના અકાળા ગામનો રહેવાસી ૨૬ વર્ષીય અરવિંદ પંચાસરા અને ભોગ બનનાર સગીરા એક જ ગામના અને પાડોશમાં રહેતા હતા. નવેમ્બર મહિનામાં સગીરાને તેના સુરત સ્થિત કાકાના ઘરે રહેવા માટે મોકલવામાં આવી હતી. ગત ૨૮ નવેમ્બરના રોજ આરોપી અરવિંદ પોતાની બોલેરો પીકઅપ ગાડી લઈને સુરત આવ્યો હતો. તેણે સગીરાને લગ્નની લાલચ આપી અને ફોસલાવીને પોતાની સાથે ભગાડી ગયો હતો.

તપાસમાં જાણવા મળ્યું છે કે સુરતથી ભાગ્યા બાદ આરોપી સગીરાને લઈને સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં છુપાઈને રહેતો હતો. તે પોતાની બોલેરો ગાડી અમરેલી ખાતે મૂકી દીધા બાદ બસમાં મુસાફરી કરતો હતો જેથી પોલીસ પકડથી બચી શકે. તે સગીરાને લઈને અમરેલી, ભાવનગર, રાજકોટ, પોરબંદર અને બોટાદ જેવા જિલ્લાઓમાં ફરતો રહ્યો હતો. પોલીસને ગુમરાહ કરવા માટે તે ખેતર અને વાડી વિસ્તારોમાં રહેવાનું પસંદ કરતો હતો. મુસાફરી અને રોકાણ દરમિયાન આરોપી અરવિંદ આ ૧૭ વર્ષીય સગીરાને પોતાની પત્ની તરીકેની ખોટી ઓળખ આપતો હતો, જેથી કોઈને શંકા ન જાય.

આ મામલે સરથાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હોવા છતાં, ૩૫ દિવસ સુધી પોલીસ દ્વારા કોઈ સંતોષકારક કાર્યવાહી કરવામાં આવી નહોતી. દીકરી ન મળતા અને પોલીસની ઢીલી કામગીરીને પગલે પાટીદાર સમાજના અગ્રણીઓ અને પરિવારજનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. ગત દિવસોમાં સમાજના અગ્રણીઓએ સરથાણા પોલીસ સ્ટેશનનો ઘેરાવ કર્યો હતો. ઘટનાની ગંભીરતાને જોતા સુરત પોલીસ કમિશનરે સરથાણા પોલીસ ઇન્સ્પેક્ટરની કડક શબ્દોમાં ઝાટકણી કાઢી હતી અને તાત્કાલિક અસરથી તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપી હતી.

## પાવાગઢથી પરત ફરતા વડોદરાના બે શિક્ષકો નર્મદા કેનાલમાં ડૂબ્યા, એકને બચાવવા જતાં બંને તણાયા



ક્યારે કેવી આફત આવી પડે કોને ખબર! પાવાગઢ દર્શને આવેલા વડોદરાના ખાનગી શાળા બે શિક્ષકો ડૂબ્યાં છે. ગઇકાલ (૪ જાન્યુઆરી)ના રોજ સાંજે બનેલી આ ઘટનામાં હજુ પણ બંને શિક્ષકોમાંથી એક પણનો પત્તો મળ્યો નથી, ફાયર વિભાગ અને સ્થાનિક પોલીસની ટીમો શિક્ષકોને છેલ્લા ૨૪ કલાકથી કેનાલમાં શોધી રહી છે. પણ પ્રચંડ વહેણને કારણે હજુ સુધી કોઈ ભાળ મળી નથી.

વડોદરાની એક ખાનગી શાળામાં અભ્યાસ કરાવતા અને વડોદરા ખાતે રહેતા (મૂળ પરપ્રાંતિય) ચાર શિક્ષક મિત્રો શુભમ મિથિલેશકુમાર પાઠક, રાહુલ વિરેન્દ્ર યાદવ, વિધુત પ્રકાશ રવિન્દ્ર સિંગ અને અસીત જનમેજય ઓઝા પાવાગઢ દર્શન માટે ગયા હતા. બપોરે દર્શન કર્યા બાદ તેઓ સાંજે ૭:૩૦ કલાકની આસપાસ હાલોલ વડોદરા હાઇવે પર ખંડીવાળા ખાતે આવેલી નર્મદાની મુખ્ય કેનાલ ખાતે પાળ પર આવીને બેઠા હતા. જ્યાં રાહુલ યાદવ નામના શિક્ષક નર્મદાના કેનાલમાં પોતાનો પગ ધોવા માટે ગયા હતા. તે દરમિયાન અચાનક જ તેઓનો પગ લપસી જતા તે પાણીમાં ડૂબવા લાગ્યા હતા.

મિત્ર શિક્ષકને ડૂબતો જોઈ ક્ષણ ભરનો વિચાર કર્યા વગર શુભમ પાઠક કેનાલમાં કૂદી ગયા હતા. તેમણે તરતા પણ આવડતું હતું, પણ કુદરતને બીજું જ મંજૂર હતું. નર્મદાના ધસમસતા વહેતા ઊંડા પાણીમાં બંને ડૂબવા લાગ્યા હતા. અને પ્રવાહ સાથે આગળ તણાઇ રહ્યા હતા. સાથીદારોને ડૂબતાં જોઈ હાજર અન્ય બે શિક્ષકો ગભરાઈ જતાં ચીસાચીસ કરી મદદ માટે ગુહાર લગાવી હતી અને તાત્કાલિક પોલીસને જાણ કરી હતી.

## જૂનાગઢમાં બાઈક લઈને જતા ખેડૂત પર દીપડાએ કર્યો હુમલો, સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો



ગીર સોમનાથ, પોરબંદર, અમરેલી, ભાવનગર અને જૂનાગઢ જેવા જિલ્લાઓમાં સિંહ-દીપડાની લટાર અને હુમલાની ઘટનાઓ અવારનવાર બનતી રહે છે. દિન-પ્રતિદિન જંગલી પ્રાણીઓ ગામમાં ઘૂસી પશુઓ અને લોકો પરના હુમલો પણ કરે છે. ત્યારે જૂનાગઢના માળિના હાટીના પીપળવા ગામે ખેડૂત પર દીપડાએ હુમલો કર્યાનો બનાવ સામે આવ્યો છે. મળતી માહિતી અનુસાર, બાઈક લઈને જતા ખેડૂત પર અચાનક દીપડાએ હુમલો કર્યો હતો. જેના કારણે ખેડૂતને ઈજા પહોંચી છે. હાલ, ખેડૂતને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો છે.

તો બીજી તરફ ગીર સોમનાથના ગીરગઢડા તાલુકાના નવા ઉગલા ગામે ૮ વર્ષની બાળકી પર દીપડાએ હુમલો કરી દીધો હતો. બાળકી ઘરના ફળિયામાં રમી રહી હતી. પરંતુ સદનસીબે બાળકીના મામા જોઈ જતાં તેમણે દીપડા પાછળ દોટ મૂકી હતી અને દીપડાને ભગાડી મૂક્યો હતો. મામાની સતર્કતા અને હિંમતના કારણે બાળકીનો જીવ બચી ગયો છે. બાળકી ઈજાગ્રસ્ત થતાં તેને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. બાળકીને માથાના ભાગે તેમજ ડાબી બાજુ કમરના ભાગે ઈજાઓ થઈ છે પણ હાલ સ્થિતિ સુધારા પર છે.

નવા ઉગલા ગામે બનેલી ઘટના અંગે બાળકીના મામાએ કહ્યું હતું કે, 'અમારા ફળિયામાં છોકરા રમતા હતા ત્યારે દીપડાએ એટેક કર્યો હતો, બાળકીને માથાના ભાગે પકડી તે ભાગી રહ્યો હતો. ત્યારે તેની પાછળ બૂમાબૂમ કરી ભાગ્યો હતો જે બાદ તેણે બાળકીને છોડી મૂકી હતી. પછી અમે વન વિભાગને જાણ કરી હતી.' છેલ્લા ૨૪ કલાકમાં દીપડા દ્વારા બે અલગ અલગ વિસ્તારમાં હુમલા થતાં લોકો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. વન વિભાગની ટીમો હાલ હિંસક બનેલા દીપડાઓને પકડવા પાંજરા મૂકી જરૂરી પગલાં લઈ રહી છે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
● ૫-સિટર ● ૭-સિટર ●




સંપર્ક- અનિલભાઈ મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

Date- 07/01/2026 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# બારડોલીમાં ૫૦ જેટલા કુપોષિત બાળકોને પોષણયુક્ત કીટનું વિતરણ કરવામાં આવ્યું તેમની માતાઓને સાડી વિતરીત કરાઈ

**બારડોલી–** બારડોલી ખાતે તા. ૦૪.૦૧.૨૦૨૬ ના રોજ ૫૦ જેટલા કુપોષિત બાળકોને પોષણયુક્ત કીટનું વિતરણ કરવામાં આવ્યું તેમની માતાઓને સાડી વિતરીત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સમાપણ ડો. ગાંધી સાહેબ, જોખાવાલે બાલુકા ના ડો. મહેશભાઈ, ડો. ચેતન સેઠના, ડો. લક્ષ્મીબેન ગાંધી, ડો. આરતીબેન જોશી, ડો. પારસ શાહ તથા અન્ય ઘણા કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહયા હતા. બારડોલી ખાતે કુપોષિત બાળકોને પોષણયુકત કીટનું વિતરણ મોટી સંખ્યામાં બાળકો તથા તેમની માતાઓ ઉપસ્થિત રહી હતી.






## રાજપૂત સમાજના વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે દક્ષિણ ગુજરાતમાં સર્વ પ્રથમ કીમ ખાતે શરૂ થયું

## દરબાર કાઉન્સેલીગ સેન્ટર

મફત કાયદાકીય અને સામાજિક સલાહ કેન્દ્ર

**રાજપૂત સમાજના પાંચ નિષ્ણાંત વ્યકિતઓની ટીમ આપના પ્રશ્નો સાંભળીને આપના પ્રશ્નોનો યોગ્ય ઉકેલ લાવશે.**

આમ તો દરેક સમાજમાં અનેક પ્રશ્નો હોય છે અને દરેક સમાજ પોત પોતાની રીતે એ પ્રશ્નોનો ઉકેલ લાવવાના પ્રયત્નો કરતો જ હોય છે. ઘણાં વર્ષોથી દક્ષિણ ગુજરાતમાં રાજપૂત સમાજના વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે એક મફત સલાહ કેન્દ્ર (કાઉન્સેલીગ સેન્ટર)ની જરૂરિયાત વર્તાતી હતી.

આપ સૌને જણાવતાં આનંદ થાય છે કે હવે અમે નવું વર્ષ ૨૦૨૬ થી કીમ ખાતે દક્ષિણ ગુજરાતનું સર્વ પ્રથમ 'દરબાર' કાઉન્સેલીગ સેન્ટરની શુભ શરૂઆત કરી છે. જેમાં રાજપૂત સમાજના સામાજિક આગેવાનો, કાયદાના જાણકાર સિનિયર એડવોકેટ, નિવૃત્ત જજ, પોલિસ ઈન્સપેકટર, મોટીવેશનલ સ્પીકર, સ્કૂલ-કોલેજના નિવૃત્ત શિક્ષક, પ્રોફેસર, પ્રિન્સિપાલ વગેરે પોતાની સેવા વિનામૂલ્યે આપશે અને જે તે પ્રશ્નોનું નિરાકરણ લાવશે.

આ કાઉન્સેલીગ સેન્ટરનો વિના મૂલ્યે લાભ લેવા ઈચ્છતા રાજપૂત સમાજના લોકો પોતના જે કોઈ પ્રશ્નો કે સમસ્યાઓ હોય તે અમારી ઓફિસ પર રૂબરૂ આવીને અમને બિંદાસ જણાવી શકે છે. અલગ અલગ વિષયના નિષ્ણાંત એવા પાંચ વ્યકિતઓની ટીમ આપની રજૂઆત શાંતિથી સાંભળશે અને તેનો યોગ્ય ઉકેલ લાવવાની કોશિષ કરશે. આપની રજૂઆત, સમસ્યા કે આપના અગંત પ્રશ્નો અમારી પાસે ૧૦૦ ટકા ગુપ્ત રહેશે.

## દરબાર કાઉન્સેલીગ સેન્ટર, કીમ

સંપર્ક : જિતેન્દ્રસિંહ ઠાકોર - ઓફિસ : દરબાર કાર્યાલય, આર. કે. કોર્નર, મુળદ પાટીયા, જી.ઈ.બી. ઓફિસની બાજુમાં, ઓલપાડ રોડ, કીમ, જિ. સુરત

Mob. 91063 66859 Wts. 94284 45632

# દક્ષિણ ગુજરાતમાં ઠંડી ઘટી, રાત્રીનું તાપમાન વધશે:એન્ટિ સાઈક્લોનિક સર્ક્યુલેશનથી પવનની દિશા બદલાઈ

બારડોલી- દક્ષિણ ગુજરાતમાં ઠંડીનો પ્રભાવ ઘટ્યો છે. છત્તીસગઢમાં સર્જાયેલા એન્ટિ સાઈક્લોનિક સર્ક્યુલેશનને કારણે પવનની દિશા બદલાઈ છે, જેના પરિણામે આગામી એક-બે દિવસમાં રાત્રીનું તાપમાન ૨ ડિગ્રી સુધી વધવાની શક્યતા છે.



હવામાન વિભાગ અનુસાર, સુરતમાં રાત્રીનું તાપમાન ૧૮ થી ૨૦ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની સંભાવના છે. સોમવારે, સુરતનું મહત્તમ તાપમાન ૩૦.૮ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૭.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૮૦ ટકા અને સાંજે ૬૯ ટકા નોંધાયું હતું. ઉત્તર-પશ્ચિમ દિશામાંથી પવન ફૂંકાયો હતો.

નવસારીમાં મહત્તમ તાપમાન ૩૧.૦ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૭.૫ ડિગ્રી નોંધાયું હતું. અહી વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૯૦ ટકા અને સાંજે ૪૬ ટકા રહ્યું હતું, જયારે સરેરાશ ૩.૭ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. ડાંગમાં મહત્તમ તાપમાન ૩૧.૨ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૫.૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. આગામી દિવસોમાં ડાંગના રાત્રીના તાપમાનમાં પણ વધારો થવાની સંભાવના વ્યક્ત કરાઈ છે.

# રસ્તા પર આમતેમ ભટકતા માનસિક રીતે અસ્થિર વૃદ્ધાને સુરક્ષિત આશ્રય અપાવતી અભયમ ટીમ બારડોલી



**વૃદ્ધા કડકડતી ઠંડીમાં રસ્તા પર આમતેમ ભટકતા હોય માટે વૃદ્ધાને આશ્રયની જરૂર જણાતા ટીમ દ્વારા વૃદ્ધાને નજીકનાં આશ્રય ગૃહમાં સુરક્ષિત આશ્રય અપાવેલ.**

**બારડોલી-** આજ રોજ એક જાગૃત નાગરિક દ્વારા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન પર કોલ કરી જણાવેલ કે એક વૃદ્ધા લગભગ ચાર પાંચ દિવસથી અહીંયા આમ તેમ ભટકે છે તેથી તેમના માટે મદદની જરૂર છે.

કોલ આવતાની સાથે જ ૧૮૧ અભયમ બારડોલી ટીમનાં કાઉન્સિલર તૃપ્તિ પટેલ, મહિલા કોન્સ્ટેબલ ચંદ્રિકાબેન ચૌધરી અને પાયલોટ અક્રમભાઈ તત્કાલિક ઘટનાસ્થળ પર પહોચે છે અને ત્યા હાજર વૃદ્ધા સુધી પહોચી જોયું તો વૃદ્ધા રસ્તા પર બેઠા હતાં તેમની પાસે જઈ ટીમ દ્વારા વૃદ્ધાનું કાઉન્સેલિંગ કરવાનો પ્રયત્ન કરેલ પરંતુ વૃદ્ધા માનસિક રીતે અસ્થિર જણાતા હોય તેથી તેઓ સતત અપશબ્દ બોલતા હોય અને સરખો પ્રત્યુતર આપતાં ના હોય અને વૃદ્ધા કડકડતી ઠંડીમાં રસ્તા પર આમતેમ ભટકતા હોય માટે વૃદ્ધાને આશ્રયની જરૂર જણાતા ટીમ દ્વારા વૃદ્ધાને નજીકનાં આશ્રય ગૃહમાં સુરક્ષિત આશ્રય અપાવેલ.

આમ એક વૃદ્ધા રસ્તા પર ભટકતું જીવન જીવવા કરતાં સરખું અને સારી રીતે સુરક્ષિત જીવન જીવે તે માટે અભયમ ટીમ દ્વારા વૃદ્ધા ને સુરક્ષિત રીતે આશ્રય ગૃહમાં આશરો અપાવેલ.

# કડોદરામાં વોન્ટેડ ગુનેગાર સાગર મોદી ઝડપાયો:પ્રોહીબિશન અને હુમલાના ગુનામાં નાસતો-ફરતો હતો

બારડોલી- સુરત ગ્રામ્ય પોલીસે પ્રોહીબિશન અને હુમલા સહિતના ગંભીર ગુનાઓમાં વોન્ટેડ રીઢા ગુનેગાર સાગર મોદીની કડોદરામાંથી ધરપકડ કરી છે. પોલીસને બાતમીના આધારે શ્રીનિવાસ ગ્રીનસીટી પાસેથી તેને ઝડપી પાડવામાં સફળતા મળી હતી.



સુરત વિભાગના પોલીસ આઈજી પ્રેમવીરસિંહ અને પોલીસ અધિક્ષક રાજેશ ગઢીયાના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેક્ટર બી.ડી. શાહની ટીમે વોન્ટેડ આરોપીઓને પકડવા માટે કાર્યવાહી હાથ ધરી હતી. આ દરમિયાન એ.એસ.આઈ. હરેશભાઈ અને પોલીસ કોન્સ્ટેબલ ભૌતિકકુમારને ચોક્કસ બાતમી મળી હતી.

બાતમી મુજબ, કડોદરા ઈઉઈ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા હુમલા અને પબ્લિક પ્રોપર્ટીને નુકસાન પહોચાડવાના ગુનામાં સંડોવાયેલો આરોપી સાગર મોદી કડોદરા સ્થિત શ્રીનિવાસ ગ્રીનસીટીના ગેટ પાસે આવવાનો હતો. પોલીસે બાતમીમાં મળેલા વર્ણન મુજબ, આરોપીને ગેટ પાસે આવતા જ કોર્ડન કરી ઝડપી પાડ્યો હતો. પકડાયેલા આરોપીનું નામ સાગર રાકેશભાઈ મોદી છે, જેની ઉંમર ૨૨ વર્ષ છે. તે હાલ શ્રીનિવાસ ગ્રીનસીટી, કડોદરામાં રહે છે અને મૂળ પલસાણાના વાકનેડા ગામનો વતની છે.

આરોપી સાગર મોદી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૮૯ (૨), ૧૯૧(૨), ૬૧ (૨), ૧૨૧ (૧), ૧૩૨, ૨૬૫ તેમજ પબ્લિક પ્રોપર્ટી ડેમેજ એક્ટની કલમ ૩ (૧) મુજબ ગુનો નોંધાયેલો હતો. આ ગુના બાદ તે પોલીસથી ફરાર હતો.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે સાગર મોદી અગાઉ પણ ગુનાહિત પ્રવૃત્તિઓમાં સામેલ રહ્યો છે. તેની સામે અગાઉ પલસાણા અને કડોદરા GIDC પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશન એક્ટ હેઠળ ૨ અલગ-અલગ ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. પોલીસે આરોપીનો કબજો મેળવી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


**પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે સાગર મોદી અગાઉ પણ ગુનાહિત પ્રવૃત્તિઓમાં સામેલ રહ્યો છે.**

ANILDARBAR
Mo: 97242 60058

DHARMESH PATEL
Mo: 99250 47272

વી. એસ. ચીકન કોર્નર

ચિકન, મટન, ફીસ, ઝીંગા તેમજ ઈંડાની દરેક આઈટમ મળશે...



મુ. પો. સેવણી, પેટ્રોલ પંપની બાજુમાં, તા. કામરેજ, જી. સુરત

## જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફલોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. (Social media)